# ભિલોડામાં વેપારીની હત્યા-લૂંટના વિરોધમાં બજારો સજ્જડ બંધ

## ભિલોડા-ઈડર ધોરીમાર્ગ પર વેપારીઓ દ્વારા ટ્રાફીક ચક્કાજામ કરાયો : ભિલોડા શહેરમાં અફડાતફડીનો માહોલ સર્જાયો

ભિલોડા,તા.૧૪

અરવલ્લી જીલ્લાના ભિલોડા તાલુકા મથક ખાતે શાંતીનગર સોસાયટીના હાર્દસમા રહેણાંક વિસ્તારમાં ગત રોજ સમી સાંજે ૭:૩૦ વાગ્યાના અરસામાં ગોળી-બિસ્કીટના હોલસેલના વેપારીના ઘર આંગણે હત્યા અને લુંટના વિરોધમાં બજારો જડબેસલાક સજ્જડ બંધ રહ્યા હતા.ભિલોડા એસ.બી.આઈ. લાટી બજાર શાખાની બાજુમાં માં અંબે ટ્રેડીંગ નામની દુકાન ધરાવતા વેપારી ગોળી-બિસ્કીટનો વેપાર ધંધો વર્ષોથી કરતા હતા.રાજસ્થાન રાજ્યના ભીલવાડા જીલ્લાના મુળ રહેવાસી ૪૮ વર્ષીય રાજેન્દ્રકુમાર હરકલાલ અગ્રવાલ ગત રોજ સમી સાંજે દુકાન બંધ કર્યા બાદ એક્ટીવા લઈ ઘર તરફ ગયા હતા ત્યારે ઘરે પહોંચ્યા બાદ એક્ટીવા નંબર.જી.જે.૩૧.સી.૧૧૪૪ ની ડીકીમાં મુકેલા રૂપિયા ભરેલી બેગ બહાર કાઢતા હતા તે દરમ્યાન બે અજાણ્યા ઈસમોએ વેપારી ઉપર ફાયરીંગ કર્યું હતું.વેપારીને છાતીના ભાગે બંદુકની ગોળી વાગતાં વેપારી ઘર આગળ જ ઢળી પડ્યો હતો ત્યારે ફાયરીંગ કર્યા બાદ લાખ્ખો રૂપિયા ભરેલી બેગની લુંટ ચલાવી અજાણ્યા ઈસમો ઘટનાસ્થળેથી પલાયન થઈ ગયા હતા.વેપારીને બંદુકની ગોળી વાગવાના અવાજથી રહેણાંક ભરચક વિસ્તારમાં ઘટનાસ્ળે લોકોના ટોળેટોળા એકત્રીત થઈ ગયા હતા.વેપારીને પ્રાઈવેટ હોસ્પિટલ ખાતે લઈ જવામાં આવ્યા હતા ત્યારે વેપારીનું મોત નિપજ્યું હતું.વેપારીની હત્યાના પગલે સમગ્ર પંથકમાં ભારે ચકચાર મચી જવા પામી હતી.ઘટનાના પગલે ભિલોડામાં કરફ્યુ જેવો માહોલ સર્જાયો હતો અને ટપોટપ સમી સાંજે ભયના માહોલ સર્જાતાં દુકાનો ફટાફટ દુકાનો બંધ કરી ઘર ભેગા થઈ ગયા હતા.મૃતદેહને કોટેઝ હોસ્પિટલમાં ગત રાત્રે પી.એમ.અર્થે ખસેડાયો હતો.હત્યા કરનાર અજાણ્યા ઈસમો સામે હત્યા અને આર્મ એક્ટ હેઠળ ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી પોલીસએ હાથ ધરી હતી.

ભિલોડા તાલુકા મથક ખાતે બજારો સજ્જડ બંધ રાખી વેપારીઓ,પ્રજાજનો રસ્તા ઉપર ઉતરી આવ્યા હતા.ઈડર-ભિલોડા રોડ ચક્કાજામ કરી વિરોધ પ્રદર્શન કર્યું હતું.રેન્જ આઈ.જી. અને જીલ્લા પોલીસ વડા ઘટનાસ્થળે દોડી આવ્યા હતા.ભિલોડામાં ઠેર-ઠેર મોટા પ્રમાણમાં પોલીસ કાફલો ખડકી દેવાયો હતો.વેપારીની હત્યાના પગલે પોલીસ હત્યારાઓને શોધવામાં નિષ્ફળ નિવડતાં વેપારીઓમાં ભારે રોષ પોલીસની કામગીરી અંગે





ફેલાયો હતો. ભિલોડામાં ઐતિહાસીક કહી શકાય તેમ બંદુકથી ફાયરીંગ કરી ગોળી મારી વેપારીની હત્યા કરી લુંટ ચલાવતાં તેના ઘેરા પ્રત્યાઘાતો પડ્યા છે જેથી પ્રજાજનોમાં ભારે ફફડાટ અને ભયનો માહોલ ફેલાયો છે.વારંવાર બનતી લુંટ,હુમલાની ઘટનાથી વેપારીઓમાં ભારે રોષ ભભુકી રહ્યો છે.હત્યાના બનાવ સંદર્ભે રેન્જ આઈ.જી.,જીલ્લા પોલીસ વડા,એલ.સી.બી. પોલીસ,એસ.ઓ.જી. પોલીસ,સ્થાનિક પોલીસ હત્યારાઓને ઝડપી લેવા માટે સઘન કાર્યવાહી હાથ ધરી છે પરંતુ પોલીસના હાથ હત્યારાઓને ઝડપી લેવા ટુંકા પડી રહ્યા હોવાનું ચર્ચાય છે.




ભિલોડામાં અવાર-નવાર ચોરી,હત્યા,લુંટ,છેડતીના બનાવો દિન-પ્રતિ-દિન વધી રહ્યા છે.આ અંગે સામાજીક કાર્યકર ભરતભાઈ ત્રિવેદીના જણાવ્યા મુજબ પુરતો પોલીસ સ્ટાફ ફાળવવા માંગ કરી હતી.

મયંકસિંહ ચાવડા,રેન્જ આઈ.જી.ના જણાવ્યા મુજબ ભિલોડા બજારમાં વેપારીની હત્યા બાદ પોલીસ ધ્વારા અજાણ્યા શખ્શો સામે હત્યા અને આર્મ્સ એક્ટ મુજબ ગુનો નોંધી પોલીસની જુદી-જુદી પાંચ ટુંકડીઓ પાડી હત્યારાઓને શોધવા ચક્રો ગતિમાન કર્યા હતા.એફ.એસ.એલ. સહિતની મદદ લઈ કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી.

સમગ્ર ઘટનાના પગલે વિસ્તારમાં ચકચાર મચી જવા પામી છે.વેપારીઓમાં ભયનો માહોલ સર્જાયો હતો.ઘટનાની જાણ થતાં લોકોના ટોળેટોળા ઉમટ્યા હતા.જીલ્લા પોલીસ વડા સહિતના પોલીસ અધિકારીઓ ઘટનાસ્થળે દોડી આવ્યા હતા ત્યારે પોલીસએ પ્રાથમીક તપાસમાં લુંટના ઈરાદે હત્યા કરાઈ હોવાનું મનાઈ રહ્યું છે.પોલીસએ મૃતક વેપારીના મૃતદેહને પોસ્ટ મોર્ટમ માટે મોકલી વધુ તપાસ માટે એફ.એસ.એલ.માં મોકલી આપી હતી.પોલીસએ સી.સી.ટી.વી. ફુટેઝ અને નાકા બંધી કરી હત્યારાઓને શોધવા ચક્રો ગતિમાન કર્યા છે.




ભિલોડા ગ્રામ પંચાયત કચેરી ધ્વારા તાજેતરમાં ૧૩ સી.સી.ટી.વી. કેમેરા આડેધડ લગાવવામાં આવ્યા છે.આધારભુત સુત્રો ધ્વારા પ્રાપ્ત માહિતી મુજબ અંદાજીત રૂા.૭,૦૦,૦૦૦/- ના ખર્ચે સી.સી.ટી.વી. કેમેરા લગાવવામાં આવ્યા છે પરંતુ સી.સી.ટી.વી. કેમેરા પણ શોભાના ગાંઠીયા સમાન પુરવાર થઈ રહ્યા હોઈ તેમ જાગૃત વેપારીઓએ જણાવ્યું હતું.

ભિલોડામાં ઘર આંગણે વેપારીની હત્યાના પગલે પોલીસ ધ્વારા શાંતીનગર વિસ્તારમાં ડોગસ્કવોર્ડ બોલાવવામાં આવી હતી.ડોગ ટ્રેક કરાવતાં ઘટનાસ્થળની આજુબાજુના વિસ્તારમાં ડોગ ફર્યા હતા પરંતુ નજીકના વિસ્તારમાં ડામર રોડ આવતાં ડોગ અટકી ગયા હતા.

વેપારીને બંદુકની ગોળી મારી અજાણ્યા ઈસમો ધ્વારા હત્યા કરાઈ હોવાના સંદર્ભે એફ.એસ.એલ. વિભાગના અધિકારીએ ઘટનાસ્થળની તપાસ હાથ ધરી હતી.ઘટનાસ્થળના સંયોજીક પુરાવા મળી રહે તે બાબતે યોગ્ય ન્યાયિક કાર્યવાહી હાથ ધરી હતી.

વેપારીને અજાણ્યા ઈસમોએ દેશી બંદુકથી ફાયરીંગ કરી ગોળી મારતાં વેપારીને પ્રથમ તો પ્રાઈવેટ હોસ્પિટલમાં ખસેડાયા હતા પરંતુ વેપારીનું મોત નિપજતાં કોટેઝ હોસ્પિટલમાં પી.એમ.અર્થે લવાતાં ચાર ડૉક્ટરોની પેનલ ધ્વારા પી.એમ. કરાયું હોવાનું જાણવા મળેલ છે.મૃતદેહનો એક્સ-રે લેવાયો હતો પરંતુ કારતુસ મળી આવ્યો નથી તેવું મનાય છે.હત્યાના ૧૮ કલાક બાદ મૃતદેહ પરીવારજનોને સોપાતાં પરીવારજનો હૈયાફાટ રૂદન કરતા હતા.કોટેઝ હોસ્પિટલના ડૉક્ટરો ધ્વારા વહેલી તકે પી.એમ. ન કરાતાં વેપારીઓના ટોળેટોળા એકત્રીત થઈ ગયા હતા.ટ્રાફીક ચક્કાજામ કર્યો હતો.હજારો લોકોના ટોળેટોળા એકત્રીત થઈ ગયા હતા.વેપારી એકતા ઝીંદાબાદ અને હાય રે પોલીસ હાય ના નારા જોરશોરથી લગાવ્યા હતા.

એલ.સી.બી.,એસ.ઓ.જી.,પોલીસ વડા,સ્થાનિક પોલીસએ હત્યાના ઘટનાસ્થળના આજુ-બાજુ વિસ્તારના તમામ સી.સી.ટી.વી. કેમેરાના ફુટેઝ સર્વે કર્યા પરંતુ હજુ સુધી કોઈ ભાળ મળી નથી.હત્યારાઓને ઝડપી લેવા માટે પોલીસએ અલગ અલગ ટુકડીઓ બનાવી સઘન તપાસ હાથ ધરી છે. આ હત્યાના બનાવ સંદર્ભે વેપારીના પત્ની સીમાબેન રાજેન્દ્રકુમાર અગ્રવાલે અજાણ્યા હત્યારાઓ વિરૂધ્ધ પોલીસ સ્ટેશનમાં ફરીયાદ નોંધાવતાં પોલીસએ વધુ તપાસ હાથ ધરી છે.એમ.આર.સંગાડા પોલીસ સબ ઈન્સપેક્ટર ઝીણવટભરી તપાસ કરી રહ્યા છે.

## હિંમતનગરમાં તસ્કરોએ મુહૂર્ત કર્યું ૧.૮૮ની ચોરી

હિંમતનગર, તા. ૧૪

દિવાળીના તહેવારો દરમ્યાન હિંમતનગર સહીત જિલ્લામાં કોઈ અનિચ્છનીય ઘટના ન બનતા પોલીસ માટે તે રાહત સમાન હતુ. દરમ્યાન ભાઈબીજને બીજે દિવસે એટલે કે શનિવારે તસ્કરોએ વિક્રમ સંવત ૨૦૭૫નું મુહૂર્ત કરીને હિંમતનગરના તસીયા રોડ પર આવેલ એક મકાનમાંથી રૂ. ૧.૮૮ લાખના સોના-ચાંદીના દાગીના તથા રોકડની ચોરી કરી પોલીસને પોતાના અસ્તિત્વનો અણસાર આપી દીધો છે. તો બીજી તરફ હંમેશની જેમ ગુનો દાખલ કરીને તસ્કરોને શોધવાનું તરકટ શરૂ કરી દીધુ છે.

# મહેન્દ્રસિંહ વાઘેલાની મેઘરજ મુલાકાતથી જિલ્લાના રાજકારણમાં ગરમાવો

મોડાસા, તા. ૧૪

રાજ્યના પૂર્વ મુખ્યમંત્રી શંકરસિંહ વાઘેલાના પુત્ર અને બાયડ-માલપુરના પૂર્વ ધારાસભ્ય ભાજપ-કોંગ્રેસ વચ્ચે સતત સંતાકૂકડી રમતા મહેન્દ્રસિંહ વાઘેલા બુધવારે સવારે અરવલ્લી જીલ્લાના મેઘરજ



નગરની મુલાકાતે પહોંચી સર્કિટ હાઉસ ખાતે ભાજપ-કોંગ્રેસના હોદ્દેદારો અને ગ્રામ્ય વિસ્તારના સરપંચો સાથે દિવાળી પર્વની શુભેચ્છા મુલાકાત કરી હતી. મહેન્દ્રસિંહ વાઘેલાની શુભેચ્છા મુલાકાતથી અરવલ્લી-સાબરકાંઠા જીલ્લાના રાજકરણમાં ભારે ગરમાવો આવી ગયો હતો. મેઘરજ નગરની મુલાકાતે પહોંચેલા મહેન્દ્રસિંહ વાઘેલા દિવસભર ચર્ચાનું કેન્દ્ર બન્યા હતા અને સાબરકાંઠા જિલ્લાની ૨૦૧૯માં યોજાનાર લોકસભાની ચૂંટણીમાં એન.સી.પી.માંથી ઉમેદવારી નોંધાવવાના ચૂંટણી કવાયતના ભાગરૂપે મુલાકાત લીધી હોવાનું રાજકીય વિશ્લેષકો ગણતરી માંડી હતી તેમની મુલાકાતથી ભાજપ-કોંગ્રેસની લોકસભાની ચૂંટણી લાડવા માંગતા ઉમેદવારોની ચિંતામાં વધારો થયો હતો.

**એન.સી.પી.માંથી સાબરકાંઠા જિલ્લાની લોકસભા સીટ પર ઉમેદવારીની શક્યતા..!**

બાયડ-માલપુર વિધાનસભા સીટ પર કોંગ્રેસ પક્ષમાંથી ચૂંટાયેલા અને ૨૦૧૭ વિધાનસભાની ચૂંટણી પહેલા કોંગ્રેસને અલવિદા કહી દેનારા અને ભાજપનો ખેસ ધારણ કરી રાજકીય મહત્વાકાંક્ષાઓ ન સંતોષાતા ભાજપને અલવિદા કહી દેનાર અને રાજકીય મહત્વ કાંક્ષાઓ સંતોષવા સતત રાજકીય કારકિર્દી સંઘર્ષમય બનાવનાર અને પિતા પ્રેમમાં સતત પક્ષપલટો કરનાર પૂર્વ ધારાસભ્ય મહેન્દ્રસિંહ વાઘેલા લોકસભાની ચૂંટણીની ઘડીઓ ગણાઈ રહી છે. ત્યારે મેઘરજ નગરની ઓચિંતી મુલાકાતથી બંને જીલ્લાના રાજકારણમાં હડકંપ મચ્યો હતો.

પૂર્વ ધારાસભ્યને મળવા ભાજપ-કોંગ્રેસના હોદેદારો અને ગામડાઓના સરપંચો મોટી સંખ્યામાં મેઘરજ સર્કિટહાઉસ પહોંચ્યા હતા. બીજી બાજુ મહેન્દ્રસિંહ વાઘેલાએ શુભેચ્છા મુલાકાત હોવાનું



જણાવ્યું હતું. થોડા સમય અગાઉ શંકરસિંહ વાઘેલાએ એનસીપીનો છેડો પકડાતા પૂર્વ ધારાસભ્ય મહેન્દ્રસિંહ વાઘેલા લોકસભા-૨૦૧૯ની ચૂંટણીમાં સાબરકાંઠા બેઠક પરથી એનસીપીમાંથી ચૂંટણી જંગમાં મેદાનમાં ઉતારતા પૂર્વે વર્ક આઉટ કરવા આવ્યા હોવાની ચર્ચા ટોક ઓફ ધી ટાઉન બની હતી.

## બેસણા નજીક કાર ઝાડ સાથે અથડાતા એકનું મોત ચારને ઈજા

હિંમતનગર-શામળાજી રોડ પર આવેલ બેરણાની સીમમાંથી પસાર થઈ રહેલ એક કારનાચાલકે ગફલતભરી રીતે ડ્રાઈવીંગ કરી કારને ડિવાઈડર પર ચઢાવી ઝાડ સાથે અથડાવી દેતા ગંભીર ઈજાને કારણે એક ઈસમનું મોત નીપજ્યુ હતુ તથા અન્ય ચાર જણાને ઈજા થઈ હતી. જે અંગેની ફરીયાદ ગાંભોઈ પોલીસ સ્ટેશનમાં નોંધાવા પામી હતી. શનિવારે સાંજના સુમારે બેરણાની સીમમાંથી પસાર થઈ રહેલ કાર નં. જીજે૦૧. એચપી. ૯૨૬૨ના ચાલક નિકેશસિંહ મનહરસિંહ પરમારે ગફલતભરી રીતે ડ્રાઈવીંગ કરી કારને રોડના ડીવાઈડર પર ચઢાવી લઈ લીમડાના ઝાડ સાથે અથડાવી દીધી હતી.



**ખેડબ્રહ્માં ધામધુમથી જલારામ જયંતિની ઉજવણી**

ખેડબ્રહ્મા શહેરમાં આવેલ જલારામ મંદિરે જલારામ બાપાની ૨૧૯મી જન્મ જયંતિ ધામધુમથી ઉજવવામાં આવી હતી. સવારે જલારામબાપાની શોભાયાત્રા ચૌહાણ ભરતભાઈ ગોરધનભાઈના ઘરેથી નીકળી સરદાર ચોક, માણેક ચોક, હરણાવ નદી થઈ નિજ મંદિર વાજતે ગાજતે પહોચી હતી. જ્યાં રસ્તામાં જલારામ બાપાની પૂજા કરવાનો ભક્તોએ લાહવો લીધો હતો. મંદિર ખાતે મહા પ્રસાદનું આયોજન કરવામાં આવ્યું હતું જેમાં મોટી સંખ્યામાં શહેરીજનોએ લાભ લીધો હતો.

## અરવલ્લી જિલ્લાની આજે યોજાનાર સંકલન બેઠકનો ધવલસિંહ ઝાલા દ્વારા બહિષ્કાર

બાયડ, તા. ૧૪

અરવલ્લીમાં પદાધિકારીઓ અને અધિકારીઓ વચ્ચે સંકલનની બેઠક યોજવામાં આવે છે. આ બેઠકમાં જિલ્લાના વિવિધ પ્રશ્નોની ચર્ચા કરવામાં આવે છે. જો કે અધિકારીઓ દ્વારા પ્રશ્નોના યોગ્ય જવાબ આપવામાં ન આવતા હોવાના આક્ષેપ સાથે બાયડના ધારાસભ્ય ધવલસિંહ ઝાલાએ સંકલનની બેઠકનો બહિષ્કાર કર્યો છે. આ અંગે કલેકટરને લેખિતમાં જાણ કરી આગામી સમયમાં પ્રશ્નોનો સંતોષકારક જવાબ આપવામાં નહી આવે તો આંદોલબ કરવાની પણ ચીમકી ઉચ્ચારી છે. અરવલ્લી જિલ્લામાં અધિકારીઓ દ્વારા જો હુકમી વલણ રાખવામાં આવતું હોવાના તેમજ પૂછવામાં આવતા પ્રશ્નોના યોગ્ય જવાબ આપવામાં આવતા ન હોવાના આક્ષેપ બાયડના ધારાસભ્યએ કર્યા છે. જિલ્લા સંકલનની બેઠકનો બહિષ્કાર કરી ધારાસભ્ય ધવલસિંહ ઝાલાએ કલેકટરને લેખિતમાં જાણ કરી છે. જેમાં જણાવાયું છે કે, સંકલનમાં પૂછવામાં આવતા પ્રશ્નોના યોગ્ય જવાબો અધિકરીઓ દ્વારા આપવામાં આવતા નથી. ઘણી વખત ગોળ ગોળ અને અધૂરા જવાબો આપવામાં આવે છે. કેટલાક જવાબદાર અધિકારીઓ પણ સંકલનની બેઠકમાં હાજર રહેતા નથી. સંકલનની બેઠક જાણે મજાક બની ગઈ હોય તેમ માત્ર સમયનો બગાડ કરવામાં આવી રહ્યો છે. અધિકારીઓના આવા વલણ સામે વારંવાર રજૂઆતો કરવામાં આવી હોવા છતાં કોઈ પગલાં ભરતા નથી જેના પગલે આ માસમાં યોજાનાર સંકલનની મિટિંગનો બહિષ્કાર કરવાનો નિર્ણય ધારાસભ્યએ લીધો છે અને હજુ પણ પ્રશ્નોના સંતોષકારક જવાબો આપવામાં નહિ આવે તો ગાંધી ચીંધ્યા માર્ગે આંદોલન કરવાની પણ ચીમકી ઉચ્ચારવામા આવી છે.




**જલારામ સેવા ટ્રસ્ટ અને લાયન્સ કલબના સંયુક્ત ઉપક્રમે મેઘા બ્લડ ડોનેશન કેમ્પ યોજાયો**

જલારામ સેવા ટ્રસ્ટ અને લાયન્સ કલબના સંયુક્ત ઉપક્રમે મેઘા બ્લડ ડોનેશન કેમ્પ યોજાયો હતો. આ પ્રસંગે લાયન્સ કલબના સતીશચંદ્ર ઠક્કર, પાર્થીવ જોષી, જેસંગભાઈ, માનસિહભાઈ ચૌધરી, ઝોન ચેરમેન મુકેશભાઈ શાહ, હેમંતભાઈ તન્ના, નટવરસિહ ચાવડા, જયેશભાઈ વ્યાસ, પ્રતાપસિંહ ઠાકોર, ભાજપના યુવા કાર્યકર નિકુલ ચુનાવાલા, પ્રમુખ અર્પણ ઠક્કર હાજર રહેલ. નરસિંહભાઈ ચૌધરી, ઝોન ચેરમેન મુકેશભાઈ શાહ, રાજગોપાલ મહારાજા, હેમંતભાઈ તન્ના, નટવરસિંહ ચાવડા, જયેશભાઈ વ્યાસ, પ્રતાપસિંહ ઠાકોર, નિકુલ ચુનાવાલા, પ્રમુખ અર્પણ ઠક્કર તેમજ એસ.કે. બલ્ડ બેંકના ધનરાજભાઈ ઠકકર બાબુભાઈ પ્રજાપતિ હાજર રહ્યા હતા.

## લાભપાંચમે જિલ્લામાં અનાજ અને કોટન માર્કેટમાં ખેત પેદાશોની આવક શરૂ

હિંમતનગર, તા. ૧૪

વિક્રમ સંવત ૨૦૭૫ના પ્રારંભે અને સોમવારે લાભપાંચમ હોવાથી જિલ્લાના અનાજ અને કોટન માર્કેટમાં સોદા શરૂ થયા હતા. જો કે હિંમતનગર માર્કેટયાર્ડમાં નવા વર્ષના પ્રથમ દિવસે મગફળીનો ભાવ રૂ. ૮૦૦થી ૧૦૦૫ પડ્યો હતો. જ્યારે કોટન માર્કેટમાં પ્રતિ ૨૦ કિલોના ભાવ રૂ. ૧૧૨૫ થી ૧૧૪૦ સુધી બોલાયો હતો.

આ અંગે માર્કેટયાર્ડના સુત્રોમાંથી મળતી માહિતી મુજબ સરકાર દ્વારા ખેડૂતો પાસેથી ટેકાના ભાવે રૂ. ૧ હજારના ભાવે મગફળી ખરીદવાનો નિર્ણય કરીને તોના માટે દિવાળી અગાઉ ઓનલાઈન નોંધણી શરૂ કરાઈ હતી. દરમ્યાન સોમવારે લાભપાંચમ હોવાનો કારણે હિંમતનગર સહીત તલોદ, સલાલ, ઈડર, વડાલી અને ખેડબ્રહ્મા માર્કેટયાર્ડમાં વેપારીઓએ મુહૂર્તના સોદા કર્યા હતા.

જેમાં હિંમતનગર ખાતે આવેલ માર્કેટયાર્ડમાં લાભપાંચમના દિવસે મગફળીની ૮૦૦ બોરીની આવક રહેવા પામી હતી. અને હરાજીમાં મગફળીનો પ્રતિ ૨૦ કિલોનો ભાવ રૂ. ૮૦૦ થી ૧૦૦૫ સુધીના બોલાયા હતા. જોકે વેપારીઓની ધારણા કરતા ખેતપેદાશોની આવકો ઓછી રહેવા પામી હતી.

# સાબરકાંઠામાં જળસંકટના એંધાણ : ૫૦ ટકાથી ઓછા વરસાદને લીધે રવિ સીઝનમાં વાવેતર ઘટશે

**તળાવો અને ચેકડેમોમાં ફક્ત ૨૦ ટકા પાણીનો જથ્થો ચિંતાજનક : પાણીના અભાવે ઘઉંના વાવેતરમાં ૪૦ ટકાનો ઘટાડો**

હિંમતનગર, તા. ૧૪

સાબરકાંઠા અને અરવલ્લી જિલ્લામાં ચાલુ વર્ષે નબળા ચોમાસાને કારણે પીવાના તથા સિંચાઈના પાણી માટે સંકટના એંધાણ વર્તાઈ રહ્યા હોવાને કારણે રવિ સીઝનમાં ઘઉંના વાવેતરમાં ૪૦ ટકાનો ઘટાડો અત્યારથી નોંધાઈ રહ્યો છે. તો બીજી તરફ જિલ્લામાં આવેલ ૧ હજારથી વધુ તળાવો અને ચેકડેમોમાં પાણીનો જીવંત જથ્થો હોવાને કારણે આગામી ઉનાળો બંને જિલ્લાના લોકો માટે આકરો અને અસહ્ય સાબિત થાય તો નવાઈ નહી.

આ અંગે ખેતીવાડી વિભાગના સુત્રોમાંથી મળતી માહિતી મુજબ આ વર્ષે સાબરકાંઠા-અરવલ્લી જિલ્લામાં ખુબજ ઓછો એટલે કે ફક્ત ૪૯ ટકા વરસાદ પડ્યો હોવાને કારણે ચોમાસુ પાકોનું ઉત્પાદન ખુબજ ઘટી ગયુ છે. એટલુ જ નહી પણ ઓછા વરસાદને કારણે જિલ્લામાં આવેલા ૪૯૫ ચેકડેમ તથા ૫૨૨ થી વધુ તળાવોમાં પાણીનો સંગ્રહ ખુબજ નહીવત થવા પામ્યો હતો. તો બીજી તરફ ઓછા વરસાદને લીધે જમીનમાં પાણીના તળ ઉંડા ઉતરી જવાને કારણે ખેડૂતો માટે તે ચિંતાજનક છે.

આ અંગે જિલ્લા ખેતીવાડી અધિકારી વિ.કે. પટેલના કહેવા મુજબ જિલ્લાના તળાવો અને ચેકડેમોમાં પાણીનો જથ્થો ઓછો રહ્યો છે. જે મુજબ ૫૨૨ તળાવોમાં માત્ર ૨૬ ટકા પાણી છે. જ્યારે સાબરકાંઠાના ૮ માંથી ૫ તાલુકાઓમાં ગત ચોમાસામાં ૪૯ થી ૬૩ ટકા વરસાદ પડ્યો હોવાને કારણે ચેકડેમોમાં સંતોષકારક પાણીની આવક થઈ ન હતી અને ઓછા વરસાદને કારણે ચેકડેમોમાં માત્ર ૨૦ ટકા પાણી બચ્યું છે.

નબળા ચોમાસાના લીધે જિલ્લામાં ખેડૂતોએ પાણીની સમસ્યાને ધ્યાનમાં રાખીને રવી સીઝનમાં વાવેતર કરાતા ઘઉંના વાવેતરમાં ઘટાડો કરવાનું મુનાસીબ માન્યું છે. જેથી રવીસીઝનના વાવેતરમાં ૪૦ ટકા વાવેતર ઘટી જશે તથા જિલ્લામાં મોટાભાગે દૂધના વ્યવસાય પર નભતા પરીવારોએ રવી સીઝનમાં અન્ય પાકોનું વાવેતર કરવાને બદલે લીલા ઘાચરાચાનું વાવેતર કરવાનું શરૂ કરી દીધુ છે.

## પાલનપુર નજીક બે અલગ-અલગ માર્ગ અકસ્માતમાં બે વ્યકિતઓના મોત

પાલનપુર, તા. ૧૪

પાલનપુર નજીક સોમવારની સાંજે જુદાજુદા બે માર્ગ અકસ્માતમાં બે વ્યકિતના મોત નિપજ્યા હતા. આ અંગે પોલીસ મથકે ફરિયાદ નોંધાતાં પોલીસે વધુ તપાસ હાથ ધરી છે.

પાલનપુર નજીક સર્જાયેલા અકસ્માતની વિગતો એવી છે કે, મડાણા (ગઢ)ના શિવરામભાઈ માધાભાઈ કાપડી સોમવારે પાલનપુરના મડાણાથી મેસર કેનાલ ઉપર પોતાનું બાઈક નં. જીજે.૦૮.એડી.૯૨૨૮ લઈને પસાર થઈ રહ્યા હતા. તે દરમિયાન કોઈ કારણોસર સ્ટેયરીંગ ઉપરનો કાબુ ગુમાવતાં બાઈક સ્લિપ થઈ ગયું હતુ. આ અકસ્માતમાં તેમને ગંભીર ઈજાઓ થતાં સારવાર અર્થે ખસેડતી વખતે માર્ગમાં મોત નિપજ્યું હતુ. જ્યારે બીજા અકસ્માતમાં પાલનપુરના ગોળા ગામના કાન્તિભાઈ તેજાભાઈ પરમાર બાદરપુરા નજીક હાઈવે ક્રોસ કરી રહ્યા હતા. તે દરમિયાન અજાણ્યા વાહન ચાલકે ટક્કર મારતાં તેમનું મોત નિપજ્યું હતુ. બે અકસ્માતમાં બે વ્યકિતઓના મોત નિપજતાં સમગ્ર પંથકમાં અરેરાટી પ્રસરી જવા પામી હતી.